જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૨/૨૦૧૭ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નાસતા-ફરતાં આરોપીને હાજર થવા ફરમાન :** **સમાચાર યાદી નં.૨૬૦/૧૬**

અમદાવાદ શહેરના રામોલ પોલીસ સ્ટેશનમાં ફ.ગુ.ર.નં.૫૦/૨૦૧૫ ઇ.પી.કો. કલમ ૩૦૪, ૨૭૮, ૧૧૪,૧૨૦ (બી) એડી.ચીફ. મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નંબર-૧૦ ના આરોપી જગદીશભાઈ દશરથભાઈ પટેલ (રહે.બી/૩૩૨, હરી દર્શન સોસાયટી, કેનાલ પાસે રામોલ અમદાવાદ) નાઓ પોતાને વૉરન્ટની બજવણી ન થાય તે માટે સંતાતો અથવા નાસતો ફરે છે. આથી જજ શ્રી પી.કે.લોટીયા સાહેબ નાઓએ આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.૮૨ મુજબ જાહેરનામુ ફરમાવી આ આરોપીને તા.૧૭/૩/૨૦૧૭ નારોજ પોતાની સમક્ષ તથા, નામદાર એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નંબર-૧૦ ઘી કાંટા સમક્ષ હાજર થવા ફરમાવેલ છે.

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૫ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૫૯ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૧૩ કવૉટર ઈંગ્લીશ દારૂ, ૧૯૨ બીયર ટીન અને ૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૨૦ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૨/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૯૮ વ્યક્તિઓની તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૧૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :-** **સમાચાર યાદી નં.૨૬૩/૧૭**

**નિકોલઃ** વિષ્ણુભાઇ શંભુભાઇ પટેલ (ઉ.વ.૪૧) (રહે.ગેલેક્ષી ઈન્ટરસીટી ઉદય મારુતિ શો રુમ પાછળ નિકોલ) એ તા.૬/૨/૧૭ નારોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩/૯/૨૦૧૬ નારોજ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી અશોકભાઇ પટેલ (ગોકુલનગર શોપીંગ સેન્ટર આદીનાથનગરની બાજુમા ઓઢવ) વિષ્ણુભાઇની ટાવેરા ગાડી નંબર જીજે.૧૮.બી.સી.૨૪૧૩ કિંમત રૂપિયા ૬,૦૦,૦૦૦/-, વિષ્ણુભાઈના મિત્ર રમેશભાઇ મફતલાલ ડાભીની ઈકો ગાડી નંબર જીજે.૧૮.બી.એફ.૪૪૩૨ કિંમત રૂપિયા ૪,૦૦,૦૦૦/- અને વિષ્ણુભાઈના સાળા કૃણાલ બાબુભાઇ પટેલની ઈનોવા ગાડી નંબર જીજે.૫.સી.કે.૦૨૦૭ ની કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- ત્રણેય ગાડીઓ ભાડે ફેરવવા સારૂ ભાડેથી લઈ જઈ, ત્રણેય ગાડીઓની ઉચાપત કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.સી.છત્રાલીયા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**લુંટ :-** **સમાચાર યાદી નં.૨૬૪/૧૭**

**ગાયકવાડ હવેલીઃ** મોનાકભાઇ જતિનકુમાર શાહ (ઉ.વ.૨૨)(રહે,નીલકંઠનગર પાયલ કોમ્પલેક્ષ સામે, સરદર ગંજ રોડ, આણંદ) એ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૨/૧૭ કલાક ૧/૪૦ વાગ્યાના સુમારે જમાલપુર એ.એમ.ટી.એસ વર્કશોપ ગેટ નંબર-૩ નજીક ઓટોરીક્ષા નંબર.૩૭૯૩ ના ચાલક ડ્રાઇવરે મોનાકભાઇના ગળા ઉપર ચપ્પુ રાખી, તેમની પાસેના રોકડ રૂપીયા ૮૦૦/- અને રેડમી-૩ એસ.પ્રાઇમ મોબાઇલ ફોન મળી કુલ રૂપિયા ૫,૮૦૦/- મતાની લુંટ કરી નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એ.રાઠવા ચલાવે છે.

**ઝુંટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૨૬૫/૧૭**

**સોલા હાઈકોર્ટઃ** રેહાનાબહેન મહોમ્મદઆમીદ શેખ (રહે.દદભાવના કોમ્પ્લેક્ષ પાંચમા માળે સમસુદીનની ચાલી સકાલા કાજુવાડી અંધેરી ઇસ્ટ મુંબઇ) એ સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે મુંબઈથી કેટરર્સનુ કામ કરવા તા.૬/૨/૧૭ રાતના ૨/૩૦ વાગ્યાના સુમારે ગોતાબ્રીજ ખાતે પોતાની પુત્રી (ઉ.વ.૧૮) સાથે આવ્યા હતા અને કેટરર્સના માણસો લેવા આવવાની રાહ જોતા હતા ત્યારે એક રિક્ષા ચાલક અને રિક્ષામાં બીજા બે પુરૂષ આવ્યા હતા અને રેહાનાબહેનને જ્યાં જવાનુ હતુ તે જગ્યાએ લઈ જવાની વાત કરી રિક્ષામાં બેસાડી તેમની પુત્રીને ઉતારીને આવીએ તેમ કહી થલતેજ બાજુ રેહાનાબહેનને રસ્તામાં ઉતારી દીધા હતા અને રિક્ષા હંકારી મુકી હતી. ત્યારબાદ રેહાનાબહેનની પુત્રીને અલગ-અલગ જગ્યાએ રિક્ષામાં ફેરવી તેની પાસેનો મોબાઈલ ફોન કિમત રૂપિયા ૮,૦૦૦/- અને રોકડ રૂપિયા ૪,૦૦૦/- તેમજ કપડાની બેગ બળજબરીથી લઈ રેહાનાબહેનની પુત્રીને હાઈવે ઉપર ઉતારી નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**વાહનચોરી :-** **સમાચાર યાદી નં.૨૬૬/૧૭**

**સરખેજઃ** દીપભાઇ જગદીશભાઇ સોની (રહે,આસોપાલવ એપાર્ટમેન્ટ, જયમંગલ બી.આર.ટી.એસ બસ સ્ટેન્ડની સામે, ટેલીફોન એક્ષ્ચેંજની બાજુમા નારણપુરા) એ તા.૫/૨/૧૭ સાંજના ૭/૩૦ વાગે આંબલી ગામ રમેશ્વરફાર્મ આગળ આવેલ બ્લ્યુ મીગડેલ પાર્ટી પ્લોટનાં ખુલ્લા પાર્કીગમાં પોતાની મારૂતી સુઝુકી અલ્ટો કાર નંબર જીજે.૧.એચ.એલ.૪૩૯૩ કિંમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી એક કલાકમાં થઈ હતી. જે કારમાં લેપટોપ નંગ-૨ કિમત રૂપિયા ૨૫,૦૦૦/-, સ્પિકર નંગ-૨ કિમત રૂપિયા ૧,૫૦૦/- અને રોકડ રૂપિયા ૭,૦૦૦/- મતા હતી. આ અંગેની ફરીયાદ દીપભાઇ સોનીએ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એમ.પઠાણ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)